અપીલ અરજી નં.૩૩૮ તા.૩૧–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી આશિષકુમાર જે. પટેલ
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આશિષકુમાર જે. પટેલની તા.૧૯/૧૧/૧૦ની અરજીથી મ્યુ. કમિ શ્રી ના પત્ર નં. સી.સ્થા.સ/૫૪૯ તા.૧૪/૮/૦૭ થી કરેલ દરખાસ્તની નકલ તથા દરખાસ્ત પસાર થયા બાદ તે અંગે થયેલ આનુસાંગીક પત્રવ્યવહારની નકલ આપવા અંગે મુદ્દા નં. ૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા. ૩૧/૧/૧૧ની અપીલ અરજી નં.SMC/FAP/ ૩૩૮/૨૦૧૦ – ૧૧.

શ્રી આશિષકુમાર જે. પટેલની તા. ૧૯/૧૧/૧૦ ની અરજીથી મ્યુ. કમિ. શ્રી ના પત્ર નં. સી.સ્થા.સ/૫૪૯ તા.૧૪/૮/૦૭ થી કરેલ દરખાસ્તની નકલ તથા દરખાસ્ત પસાર થયા બાદ તે અંગે થયેલ આનુસાંગીક પત્રવ્યવહારની નકલ આપવા અંગે મુદ્દા નં. ૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧/૧/૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૧૨૭૧ તા.૫–૨–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/ ૩૯૨૫ તા.૧૫–૨–૧૧ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૧૬૪ તા.૨૩–૧૧–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમ, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ અને આસી. સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૩૮ તા.૨–૧૨–૧૦ થી મધ્યસ્થ મહેકમ તરફથી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને માહિતી/દસ્તાવેજ ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૬૫ તા.૧૪–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલપત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૯૬ તા.૩–૧–૧૧ ના પત્રની નકલ, સને ૨૦૦૫–૦૬ , ૨૦૦૬–૦૭, ૨૦૦૭–૦૮, ૨૦૦૮–૦૯, ૨૦૦૯–૧૦ નું એસ્ટાબ્લીસ્ટ મેન્ટ શીડયુલની નકલ મ્યુ.કમિ.શ્રીએ સી.સ્થા.સ./૫૪૯ તા.૧૪–૮–૦૭ ના રોજ કરેલ દરખાસ્તની નકલ, નોંધ વિભાગ, તથા સા.સ.ઠ/૮૭૭ તા.૨૭–૧૨–૦૭ ના ઠરાવની નકલ, સા.સ.ઠ./નં.૧૩૩ તા.૨૬–૭–૮૪ ના ઠરાવની નકલ, સા.સ.ઠ./૬૫ તા.૬–૫–૯૩ ના ઠરાવની નકલ, સા.સ.ઠ/૪/૨૦૦૦ તા.૧૮–૧–૨૦૦૦ ના રોજ થયેલ ઠરાવની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી ત્રીજી શ્રેણીમાં નિમણુંક પામેલ કારકુનોની માહિતી અંગે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૧૬૪ તા.૨૩–૧૧–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમ, પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ અને આસી. સેક્રેટરીને તબદીલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ ડે.કમિ.(પઅનેઈ) તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૩૮ તા.૨–૧૨–૧૦ થી ડીનશ્રી સ્મીમેર મેડીકલ કોલેજ/કાર્યપાલક ઈજનેર કતારગામઝોન ઓફિસ સુપ્રિ. સેન્ટ્રલ ઓફિસ, આઈ.ઓ. સુપરવાઈઝર (આઈએસડી), ડે.પ્રોજેકટ ઓફિસર (યુસીડી)ને અંશતઃ મુદ્દા નં.૩ અંગે તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૬૫ તા.૧૪–૧૨–૧૦ ના પત્રથી માહિતી/દસ્તાવેજ ફી ના પાના નંગ–૨૫૫, પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૫૧૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૧૭૨૧૨૫ તા.૨૯–૧૨–૧૦ થી રૂા.૫૧૦/– ભરપાઈ કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૩૯૬ તા.૩–૧–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે મુદ્દા નં.૪,૫,૭ અને ૮ બાબતે નારાજગી હોવાનું જણાવી તા.૩૧–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૩૯૨૫ તા.૧૫–૨–૧૧ થી પૂરક વિગતો આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) મ્યુ. કમિ. શ્રી ના પત્ર નં. સી.સ્થા.સ/૫૪૯ તા.૧૪/૮/૦૭ થી કરેલ દરખાસ્તની નકલ તથા દરખાસ્ત પસાર થયા બાદ તે અંગે થયેલ આનુસાંગીક પત્રવ્યવહારની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૧અંગે જીએડી/ઈએસટી/૩૩૯૬ તા.૩–૧–૧૧ ના પત્રથી માહિતી આપેલ છે. તેવું જણાવેલ છે. તથા તે અંગે કમિ.શ્રીએ પત્ર નં.સી.સા. ઠ નં.૫૪૯ તા.૧૪–૮–૦૭ ની દરખાસ્તની નકલ નોંધ વિભાગ અને ઠરાવની નકલ રજૂ કરેલ છે. (૨) સા.સ.ના ઠરાવ નં.૮૭૭/૦૭ તા.૧–૧–૦૮ થી ખાસ કેસમાં નિમણુંક પામેલા કોન્ટ્રાકટરના ૧૪ કામદારો (૧) મ્યુ. કોર્પોરેશન માં કઈ તારીખથી કોન્ટ્રાકટ દાખલ થયેલા છે. (૨) તેઓની પસંદગી કઈ રીતે કરવામાં આવેલ છે. (૩) તેઓની કોન્ટ્રાકટ પર ફીકસ પગારની નિમણુંક બાદથી તા.૩૧–૧૨–૦૭ સુધીના સમયગાળા દરમ્યાન જે વિભાગના ફરજ બજાવી હોય તે તમામના સમયગાળાની વિગત તેમજ અન્ય કોઈ વિભાગમાં કોન્ટ્રાકટમાં ટ્રાન્સફર થયેલ હોય તો તે અંગેના કચેરી હુકમની નકલ તેમજ તેઓની નિમણુંકથી તા.૩૧–૧૨–૦૭ સુધીના કરારો રીન્યુ કરવા અંગેના પ્રત્યેક વર્ષની કમિ.શ્રીની દરખાસ્તની નકલ તથા સ્થા. સ.ની ભલામણની નકલો તેમજ સામાન્ય સભાની મંજુરીની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨(૧) સંદર્ભમાં સા.સ. ઠ. નં.૮૭૭/૦૭ તા.૧–૧–૦૮ થી ખાસ કેસમા નિમણુંક પોમલા ૧૪ કોન્ટ્રાકટરના કામદારો મ્યુ. કોર્પોરેશનમાં હાજર થયા બાબતની વિગતો કામદારના નામ નામે દર્શાવેલું પત્રક પૂરી પાડવામાં આવેલછે. જયારે મુદ્દા ન.૨(૨) અને ૨(૩– અંગે ખાતાને લાગત ઠરાવની નકલો તથા નોંધ વિભાગ અરજદારને પૂરી પાડવાનું જણાવેલ છે. જે અંગે થયેલ ઠરાવનો નકલો રજૂ કરેલ છે. તેમજ મુદ્દા નં.૨(૧) ના સંદર્ભમાં (૩) સા.સ.ઠ નં.૮૭૭/૨૦૦૭ થી નિમણુંક પામેલા

કોન્ટ્રાકટરના તમામ કર્મચારીઓના ત્રીજી શ્રેણી કલાર્ક અંગેના લાયકાતના પ્રમાણપત્રો તથા તથા સ્કુલ લીંવીગ સર્ટીફીકેટની નકલ તેમજ સી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેના પ્રમાણપત્રોની નકલો મળવા બાબત. તેવા પ્રશ્ન બાબતે ૩ આંશિક ખાતાને લાગત નકલો પૂરી પાવામાં આવેલ છે તથા આંશિક માટે પત્ર ન.જીએડી/ઈએસટી/૩૦૩૮ તા.૨–૧૨–૧૦ થી લાગત વિભાગોને તબદીલ કરવામાં આવેલ છે તેની નકલ રજૂ કરેલ છે. (૪) હાલમાં મ્યુ. કોર્પો.માં ત્રીજી શ્રેણી કલાર્કમાં અથવા કારકુનની કામગીરી કરતાં હોય તેવા હંગામી ધોરણના ફીકસ પગારથી કામ કરતાં કોન્ટ્રાકટરના કર્મચારીની સંખ્યા જણાવો તથા તેઓ કયારથી ફરજ બજાવે છે તેજ માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાને લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને અપીલ અરજીમાં હાલમાં મ્યુ. કોર્પો.માં ત્રીજી શ્રેણી કલાર્કમાં અથવા કારકુનની કામગીરી કરતાં હોય તેવા હંગામી ધોરણના ફીકસ પગારથી કામ કરતાં કોન્ટ્રાકટરના કર્મચારીઓની અરજીમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી. તથા કયારથી ફરજ બજાવે છે તેની માહિતી આપેલ નથી તેવી રજૂઆત અપીલ તબકકે કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ હાલમાં સુરત મહાનગરપાલિકા સાથે કરારથી સંકળાયેલ ફીકસ પગારથી કામ કરતાં ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યા નીલ છે જેથી વધારાની કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને તે માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. (૫) ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી જગ્યાની નીચે મુજબ વર્ષવાઈઝ માહિતી આપવા વિનંતી.

| સમયગાળો | કુલ મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા નિવૃતિ મૃત્યુ કે અન્ય રીતે ખાલી પડેલ જગ્યા | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|

તા.૧–૧–૦૬ના રોજ,તા.૧–૭–૦૬ ના રોજ,તા.૧–૧–૦૭ ના રોજ,તા.૧–૭–૦૭ ના રોજ,તા.૧–૧–૦૮ ના રોજ તા.૧–૭–૦૮ ના રોજ,તા.૧–૧–૦૯ ના રોજ,તા.૧–૭–૦૯ ના રોજ,તા.૧–૧–૧૦ ના રોજ,તા.૩૧–૧૦–૧૦ ના રોજ, તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાને લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને અપીલ અરજીમાં દર્શાવેલ પ્રફોર્મા મુજબ ત્રીજી કલાર્કની વર્ષવાઈઝ ખાલી જગ્યાની માહિતી આપેલ નથી. જેથી અરજીમાં દર્શાવેલ ફોર્મેટ મુજબ માહિતી આપવી. તેવું જણાવેલ છે. અરજદારે પોતાના ફોર્મેટમાં માહિતી મેળવવાનો આગ્રહ રાખેલ છે. પરંતુ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને રેકર્ડ આધારીત માહિતીની નકલ આપવામાં આવેલ છે. જે અંગેનું એસ્ટાબ્લીસ્ટમેન્ટ શીયુલની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. જેમાં અરજદારે માંગેલ વિગતે વર્ષવાઈઝ કુલ ભરેલી અને ખાલી જગ્યાનો સમાવેશ થાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. (૬)ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે કોન્ટ્રાકટરના ૧૪ કર્મચારીઓને તા.૧–૧–૦૮ થી મ્યુ. કોર્પોરેશનમાં ત્રીજી શ્રેણી કલાર્ક તરીકે લેવા અંગેના નિમણુંક પત્રની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાને લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૭) આઈટી/રેફ.નં.૬૨/૬ માં તા.૫–૪–૦૭ ના નામદાર ઔધો. અદાલતના હુકમની શરત " ભરતી પ્રક્રિયાનો અહેવાલ તથા ૯૦% ની ભરતી પ્રક્રિયાનો અહેવાલ પ્રથમ પક્ષકાર સંસ્થાએ ન્યાયપંચ સમક્ષ રજૂ કરવાનો રહેશે. " જેના અનુસંધાને તા.૧–૧–૦૮ થી ૧૪ કોન્ટ્રાકટર કર્મચારીઓને ભરતી કરવા અંગે નામ અથવા ઔધો. અદાલતની મંજુરી લેવામાં આવેલ હતી કે કેમ? અથવા નામ. અદાલતને સદર ભરતીની જાણ કર્યા અંગેના પત્રની નકલ તથા નામ. ઔધો. અદાલતને સદર ૧૪ કોન્ટ્રાકટના કામદારોની ભરતી માટે મંજુરી આપેલ હોય તો તેવા હુકમની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નવી ભરતી કરવામાં આવેલ નથી માહિતી નીલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં મુદ્દા નં.૭ ની માહિતી નીલ છે તેવું જણાવી આપેલ નથી. મુદ્દા નં.૬ ના આપના જવાબ મુજબ ૧૪ કોન્ટ્રાકટરના કર્મચારીઓની નિમણુંક મ્યુ. કમિ.ના હુકમ તા.૧૯–૩–૦૮ મુજબ ડે.કમિ.શ્રી (પઅનેઈ) ના કચેરી હુકમ જીએડી/ઈએસટી/ ૪૭૯૨ તા.૨૪–૩–૦૮ દર્શાવેલ છે જે નામ. ઔધો. અદાલતના રેફ. નં.૬૨/૦૬ ના તા.૫–૪–૦૭ ના હુકમ બાદ હોઈ મુદ્દા નં.૭ નો માંગ્યા મુજબનો જવાબ મળેલ નથી જેથી ૧૪ કોન્ટ્રાકટરના કર્મચારીઓની નિમણુંક અંગે નામ. ઔધો. અદાલતની મંજુરી લેવામાં આવેલ કે કેમ? તેનો હા અથવા ના માં જવાબ આપવો તેવું જણાવેલ છે. તે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં (૧) સુરત મહાનગરપાલિકામાં ૨૦૦૩ થી સહાયક તરીકે કોન્ટ્રાકટથી લેવામાં આવેલ હોય અને વખતો વખત મુદત લંબાવવાની જરૂરી મંજુરી મેળવવામાં આવેલ છે નવી નિમણુંક ન હોઈ કોઈ જાણ કરવામાં આવેલ નથી. (૨) ઉકત સહાયકોના કોન્ટ્રાકટની મુદત લંબાવવાની દરખાસ્ત મધ્યસ્થ મહેકમ ખાતા ધ્વારા કરવામાં આવેલ હતી. જેમાં કાયમ કરવા બાબતેનો કોઈ ઉલ્લેખ નથી દરખાસ્તથી વિરુધ્ધ ઠરાવ થયેલ હોય તેની અમલવારી બાબતે મા. કમિ.શ્રીએ મંજુરી આપેલ છે. ( જે અંગે અરજદારને આપવામાં આવેલ દરખાસ્ત તથા કમિ.શ્રીની મંજુરીની નકલ પૂરી પાડવામાં આવેલ છે.)(૩) કોન્ટ્રાકટની નિમણુંક આપવામાં આવેલ સહાયકોને સા.સ.ઠ. નં.૮૭૭/૦૭ થી ખાસ કેસ તરીકે નિમણુંક કરવાનું ઠરાવેલ છે. (જેની ઠરાવની નકલ પણ આપવામાં આવેલ છે.) (૪) ૨૦૦૩ ની સહાયક તરીકે કોન્ટ્રાકટની નિમણુંક આપવમાં આવેલ હોઈ નવી નિમણુંક કરેલ નથી પરંતુ સા.સભાના ઉપરોકત ઠરાવ અનુસાર કલાર્ક કેડરની જગ્યા ઉપર રેગ્યુલર પગાર ધોરણમાં ફેરવવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૮) હાલમાં સુમપામાં ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી માટેની કઈ લાયકાત અમલમાં છે? તેમજ કોર્પોરેશનમાં ફરજ બજાવતાં તમામ વર્ગના કર્મચારીઓ માટે તથા બહારથી ભરતી થતાં ઉમેદવારો માટે ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત એક જ છે કે અલગ અલગ? ઉપરોકત તમામ ઠરાવોની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાને લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે હાલમાં કઈ લાયકાત અમલમાં છે તેની માહિતીમાં ઠરાવની નકલો આપેલ છે પરંતુ અરજી કર્યા તારીખે બહારની ભરતી માટે તથા મહાનગરપાલિકાના કર્મચારીઓ માટે કઈ લાયકાત અમલમાં છે તે જણાવેલ નથી. તેવું જણાવેલ છે તેવા પ્રશ્ન બાબતે અરજદારને લાગત ઠરાવની નકલ આપવામાં આવેલ છે. તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. (૯) ડે.કમિ.(પઅનેઈ) ના પરીપત્ર નં.જીએડી/ઈએસટી/૪૬૯ તા.૧૧–૫–૦૬ માં સા.સ.ઠ. નં.૧૩૩ તા..૨૬–૭–૮૪ તથા ઠ. નં.૬૫ તા.૬–૫–૯૩ થી ચોથા વર્ગની સેવામાં મનપામાં કામ કરતાં વિદ્યાર્થીઓની કારકુનની જગ્યાએ પસંદગીથી નિમણુંક આપવાના વિનિયમો મંજુર કરેલા દર્શાવેલ છે. તો ફકત ઠરાવો અનુસાર પરિપત્રમાં દર્શાવ્યા પ્રમાણેની કોઈ પણ વિદ્યા શાખાના સ્નાતકની લાયકાત સુરત

મનપાની કઈ સક્ષમ સત્તા ધ્વારા સુધારવામાં આવેલ છે તેની તારીખ તથા ઠરાવ નંબર સહિતની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૧૦) તા.૧૫–૧૧–૦૭ ના રોજ જકાત નાબુદ થવાથી ફાજલ પડેલ જકાત વિભાગના ત્રીજી શ્રેણી કારકુનોને અન્ય ખાતાઓમાં તબદીલ કરવામાં આવેલ તે અંગેના હુકમની નકલ મળવા બાબત. (૧૧) મ્યુ. કોર્પો.ના સા.સ. ઠ નં.૧૧૪/૨૦૦૧ તા.૨૩–૩–૦૧ ની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાને લાગત નકલો આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

અરજદારની અપીલના મુદ્દા નં. ૪,૫,૭ અને ૮ નારાજગી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે પૂરક વિગતોમાં મુદ્દા નં.૪ બાબતે સુરત મહાનગરપાલિકામાં ત્રીજી શ્રેણી કલાર્કમાં અથવા કારકુનની કામગીરી કરતાં હોય તેવા હંગામી ધોરણના ફીકસ પગારથી કોન્ટ્રાકટમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા તથા કયારથી ફરજ બજાવે છે તેની માહિતી આપેલ નથી તેવી રજૂઆત બાબતે સુરત મહાનગરપાલિકા સાથે કરારથી સંકળાયેલા ફીકસ પગારથી ત્રીજી શ્રેણી કલાર્કની સંખ્યા નીલ હોવાનું પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. પરંતુ અરજદારને આપેલ માહિતી મુળ માહિતી પત્રમાં મુદ્દા નં.૪ ની નકલ આપેલ છે તેવું જણાવેલ છે. તેવી કોઈ નકલની વિગત જાહેર માહિતી અધિકારીએ અત્રે અપીલ તબકકે રજૂ કરેલ નથી. જેથી તે અંગે હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૫ માં ત્રીજી શ્રેણીના કલાર્કની વર્ષવાઈઝ ખાલી જગ્યાની માહિતી અરજીમાં દર્શાવેલ ફોર્મેટમાં આપેલ નથી તેવી રજૂઆત બાબતે અરજદારને રેકર્ડ આધારીત વર્ષવાઈઝ એસ્ટાબ્લીસ્ટમેન્ટ શીડયુલની નકલો જેમાં અરજદારે માંગેલ માહિતી સમાવિષ્ટ થઈ જાય છે તેવી પૂરી પડાયેલ છે અને જે આરટીઆઈના કાયદાની કલમ –૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત છે. મુદ્દા નં.૭ માં અરજદારે ૧૪ કોન્ટ્રાકટરના કર્મચારીઓની ઔધો. અદાલતની મંજુરી લેવામાં આવેલ છે કે કેમ? જે બાબતે નવી નિમણુંક ન હોઈ જાણ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. અન્યથા માહિતી ઠરાવની નકલોમાં પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૮ હાલમાં બહારની ભરતી માટે લાયકાત અમલમાં હોય તેની માહિતી આપેલ છે પરંતુ અરજીની તારીખ બહારની ભરતી માટે તથા મનપાના કર્મચારીઓ માટેની લાયકાત જણાવેલ નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને સને ૮૪ અને ૯૩ ના ઠરાવની નકલ પણ પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૪ સિવાયની પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ ની પૂરક વિગતોમાં જણાવેલ માહિતી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ ને જણાવવામાં આવે છે. જયારે અન્ય મુદ્દા નં.૫,૭ અને ૮ બાબતે માહિતી પૂરી પાડેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) .....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી આશિષકુમાર જે. પટેલ,